સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૫/૨૦૧૯
આંક –40

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૫/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૦ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ડોકટર કુમાર બબાભાઈ રબારી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 7359657841 |
| ઉંમર આશરે | ૩૧ | વરસની | ધંધો | નવજીવન ગાયનેક હોસ્પિટલ દિયોદર |
| રહેવાનુ | દિયોદર તા.દિયોદર | | ડીસ્ટ્રીકટ | વાવ–થરાદ |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) તા. ૧૯/૦૪/૨૦૧૯ના રોજ બપોરના ૧:૩૦ કલાકે હું તબીબી અધિકારી તરીકે ધાનેરા સીવીલ હોસ્પિટલમાં ફરજ ઉપર હાજર હતો. તે દરમિયાન એક ઈસમ નામે મુકેશભાઈ નરસિંહભાઈ પરમાર ઉ.વ.આ.૨૪ રહે.થાવર ધાનેરાવાળાઓ મારી પાસે પોલીસ યાદી વગર સારવાર માટે આવેલો. તેને પુછતા જણાવેલું કે,'' દશ પંદર અજાણ્યા શખસોએ ગડદાપાટુ તથા ધોકાથી મારામારી કરેલી. તેમાંથી હું એક ઈસમને ઓળખતો હતો જેનુ નામ નારણભાઈ ભેમાભાઈ ચૌધરી હતું.'' તેના શરીર ઉપર નીચે મુજબની ઈજાઓ હતી.

(૧) દર્દીને પેટના નીચેના ભાગે દુખાવો હતો. જેને કોઈ દેખીતી ઈજા ન હતી.

આ ઉપરની ઈજા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી અને સાદા પ્રકારની હતી. જે કોઈ આડ અસર ના આવે તો સાત દિવસમાં સાજી થઈ જાય તેવી હતી. જે મુજબનું સર્ટીફીકેટ આપેલ છે.

તે દરમિયાન બીજા ઈસમ નામે નરસિંહભાઈ નાનજીભાઈ પરમાર ઉ.વ.આ.૫૫ રહે.થાવર ધાનેરાવાળાઓ મારી પાસે પોલીસ યાદી વગર સારવાર માટે આવેલો. તેને પુછતા જણાવેલું કે,'' અજાણ્યા માણસો જ્યારે મુકેશભાઈ નરસિં

સાહેદની સહી............................

હભાઈને માર મારતા હતા ત્યારે હું છોડાવા જતા મને પણ ધોકા પાટુથી માર મારેલ છે.'' તેના શરીર ઉપર નીચે મુજબની ઈજાઓ હતી.

(૧) દર્દીને જમણા હાથ પર બે થી ત્રણ સે.મી.નો ઉજરડા હતા.

આ ઉપરની ઈજા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી અને સાદા પ્રકારની હતી. જે કોઈ આડ અસર ના આવે તો સાત દિવસમાં સાજી થઈ જાય તેવી હતી. જે મુજબનું સર્ટીફીકેટ આપેલ છે.

મને માર્ક:૯/૧૨ વાળુ એમ.એલ.સી. નં.૧૪૧/૨૦૧૯ તથા માર્ક:૯/૧૩વાળું એમ.એલ.સી.નં.૧૪૨/૨૦૧૯વાળું સર્ટીફીકેટો બતાવવામાં આવે છે, જે મારા સ્વહસ્તાક્ષરમાં છે, જેમાં મારી સહીઓ છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૪૧ તથા આંક:૪૨** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી...**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. ડી.પી.ચૌધરી....**

(૨) એ વાત ખરી છે કે પેટના દુખાવાના કારણો ઘણ હોય શકે છે. એ વાત ખરી છે કે મે પેટના દુખાવા માટે કોઈ સોનોગ્રાફી કરાવેલી નહી. એ વાત ખરી છે કે સખત જમીન પર પડી જવાથી ઉજરડો થઈ શકે.

**વિશેષ ઉલટતપાસ નથી.**
**ફેર તપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૨/૦૪/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી............................